626

**રાજ્યની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીમાં સંઘાર(હિન્દુ) નાગરચી, કાયસ્થ, ગાંધર્વ(હિન્દુ) દરજી, ભંડારી અને રાજગોર જ્ઞાતિનો સમાવેશ કરવા બાબત.**

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**
**ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૦૫/મુમ ૧૯/અ,**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા.૯/૫/૨૦૦૭**

**વંચાણમાં લીધા :-**

(૧) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧/૪/૭૮ ના ઠરાવ ક્રમાંકઃબીસીઆર/૧૦૭૮/૧૩૭૩૪/હ
(૨) સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૮/૩/૯૩ નો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૯૩/ખા-૧૦૨/અ.
(૩) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૩/૨/૯૪ નો ઠરાવ ક્રમાંકઃસશપ/૪૩૯૪/૧૯૧/અ.
(૪) સમાજ કલ્યાણ વિભાગનો તા.૪/૫/૯૪ નો ઠરાવ ક્રમાંકઃસશપ/૪૩૯૪/૧૯૧/અ.
(૫) સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૨/૭/૯૪ નો ઠરાવ ક્રમાંકઃસશપ/૪૩૯૪/૧૯૧/અ.
(૬) સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૨/૭/૯૪ નો ઠરાવ ક્રમાંકઃસશપ/૪૩૯૪/૧૯૧(૧)/અ.
(૭) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૫/૭/૯૪ નો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૯૪/૧૪૧૧/અ.
(૮) સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૯/૧૨/૯૫ નો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૯૫/મુમ-૧૪૧/અ.
(૯) સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૦/૯/૯૬ નો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૯૫/ખા-૧૦૭(૯૬) /અ.
(૧૦) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧/૧૨/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૯૮/મુમ-૧૨૮/અ.
(૧૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩/૨/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૨૦૦૦/ખા-૧૨૯/અ.
(૧૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧/૧/૨૦૦૨ નો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૨૦૦૦/ખા-૧૧૨/અ.
(૧૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨/૬/૨૦૦૩ નો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૦૨/મુમ-૩૪/અ.
(૧૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧/૨/૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૦૫/મુમ-૪/અ.

**ઠ રા વ :-**

ઉપર નિર્દિષ્ટ ઠરાવો પૈકી ક્રમાંકઃ૨ માં દર્શાવેલ આ વિભાગના તા.૧૮/૩/૯૩ ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૯૩/ખા-૧૦૨/અ થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીમાં સુધારો/વધારો કરવા માટે **ગુજરાત રાજ્ય અન્ય પછાત વર્ગો માટેના પંચ**ની રચના કરવામાં આવેલ છે. તાજેતરમાં આ પંચ ધ્વારા સંઘાર (હિન્દુ), નાગરચી, કાયસ્થ, ગાંધર્વ(હિન્દુ) દરજી, ભંડારી તથા રાજગોર એમ કુલ-૭ જ્ઞાતિઓનો રાજ્યની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં સમાવેશ કરવાની ભલામણ કરતા અહેવાલો સરકારશ્રીમાં રજૂ કરવામાં આવેલ હતા.

૨. પ્રસ્તુત અહેવાલો અંગે રાજય સરકાર ધ્વારા પુખ્ત વિચારણાને અંતે સંઘાર (હિન્દુ), નાગરચી, કાયસ્થ, ગાંધર્વ(હિન્દુ) દરજી, ભંડારી તથા રાજગોર એમ કુલ-૭ જ્ઞાતિઓને રાજ્યની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની પ્રવર્તમાન યાદીમાં નીચે મુજબના ક્રમાંકથી ઉમેરવાનું ઠરાવવામાં આવે છે.

૨. ... ..

ક્રમાંક:- ૧૩૮ સંઘાર-(હિન્દુ)
૧૩૯ નાગરચી
૧૪૦ કાયસ્થ
૧૪૧ ગાંધર્વ(હિન્દુ)
૧૪૨ દરજી
૧૪૩ ભંડારી
૧૪૪ રાજગોર

૩. નવી ઉમેરાયેલ ઉપર્યુક્ત જ્ઞાતિઓને હવેથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને રાજ્યમાં મળવાપાત્ર તમામ લાભો અને સવલતો મળવાપાત્ર થશે. આ ઠરાવનો અમલ તારીખ ૯/૫/૨૦૦૭ થી કરવાનો રહેશે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(દિનેશ પી. કાપડિયા)**
**સંયુકત સચિવ,**
**સામાજિક ન્યાય અને**
**અધિકારીતા વિભાગ.**

પ્રતિ,

- રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ(કેબીનેટ શાખા-૨) નકલ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર આ બાબતને બહોળી પ્રસિધ્ધિ આપવાની વિનંતી સહ.
- સંયુક્ત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હી.
- સંયુક્ત સચિવશ્રી, કાર્મિક લોક શિકાયત તથા પેન્શન મંત્રાલય, કાર્મિક અને પ્રશિક્ષણ વિભાગ, નવી દિલ્હી.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બં.નં.૨૨૮/એ/ખ, સે.નં.૧૯, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ તથા બોર્ડ/કોર્પોરેશન.
- સર્વે કલેકટરશ્રીઓ(તાબાના અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ(તાબાના અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- વિભાગની તમામ શાખાઓ.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, અમદાવાદ/વડોદરા/સૂરત/રાજકોટ/ભાવનગર/જામનગર/જૂનાગઢ/સાબરકાંઠા/ગાંધીનગર
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.)
- **સિલેકટ ફાઇલ.**

**X પત્ર ધ્વારા**